# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

- ❖ **સુરતના ઉમરપાડામાં 14 ઇંચ સહિત રાજ્યના 181 તાલુકામાં વરસાદ વરસ્યો.**
- ❖ **દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના કેટલાંક ભાગોમાં આજે ભારે વરસાદને પગલે રેડ અલર્ટ**
- ❖ **કૃષિ નિયામક કચેરીએ ડાંગરના પાક માટેની માર્ગદર્શિકા જાહેર કરી**
- ❖ **રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરમ વાઇરસના કારણે 6 બાળકનાં મૃત્યુ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે લોકોને સતર્ક રહેવા જણાવ્યું**
- ❖ **હાથવણાટના ધાબળાનો જીઆઈ ટેગ મેળવવા પોરબંદરના કારીગરે ગાંધીનગરમાં પ્રસ્તાવ રજૂ કર્યો**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAIN

રાજ્યના હવામાન વિભાગે આજે કેટલાક જિલ્લાઓમાં વરસાદનું રેડ અલર્ટ જાહેર કર્યું છે. જે અનુસાર દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, તેમજ દાદારનગર અને હવેલીમાં રેડ અલર્ટની સ્થિતિ છે. જયારે આવતીકાલે આ જિલ્લાઓમાં ભારે વરસાદના જોતા ઑરેન્જ અલર્ટ જાહેર છે.

આજથી બે દિવસ દક્ષિણ ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણઁદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, ગાંધીનગર, અરવલ્લી, ખેડામાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

આ તરફ સૌરાષ્ટ્રમાં પણ આજથી બે દિવસમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, મોરબી, દ્વારકા, ગીર, સોમનાથ, બોટાદ, તેમજ કચ્છમાં ભારે વરસાદની આગાહી છે.

દરમિયાન રાજ્યમાં ગઈકાલે સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ગાંધીનગરના સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાતના 8 વાગ્યા દરમિયાન 181 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે 14 ઈંચ વરસાદ સુરતના ઉમરપાડા તાલુકામાં વરસ્યો છે. જ્યારે ભરૂચના નેત્રંગમાં સાત, નર્મદાના ગરૂડેશ્વરમાં 6, નાંદોદમાં પાંચ, તિલકવાડામાં ચાર, સાબરકાંઠાના વિજયનગરમાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે આ સિવાયના તાલુકામાં ત્રણ ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હતો.

મોરબી જિલ્લાના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે, હળવદમાં સુસવાવ નજીક આવેલો શક્તિસાગર - બ્રાહ્મણી 2 ડેમ, 100 ટકા ભરાઈ ગયો છે.

એટલે ડેમનો એક ગેટ અડધા ફૂટ જેટલો ખોલવામાં આવ્યો છે. ડેમના હેઠવાસમાં આવતા સુસવાવ, કેદારીયા, ધનાળા, રાયસંગપુર, મયુરનગર, મિયાણી, ચાડધ્રા, ટીકર, ખોડ, અજિતગઢ અને માનગઢ એમ 11 ગામને અલર્ટ અપાવામાં આવ્યું છે, જેથી ગ્રામજનોને નદીના પટમાં અવરજવર ના કરવા તેમજ તકેદારીના પગલા લેવા સૂચના આપવામા આવી છે.

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, શહેર સહિત જિલ્લામાં ગઈકાલે બપોરે વાતાવરણ પલટાતા સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જિલ્લા કન્ટ્રોલ રૂમ દ્વારા પ્રાપ્ત વિગત મુજબ, બપોરે 2 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધીના ચાર કલાકમાં જિલ્લામાં તમામ તાલુકામાં સામાન્યથી અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

---------------------------------------------------------------------

-**(PTC – GANDHINAGAR – MORBI – PATAN – PRAVESH.)**

-(NAVIN)

# SURAT MAMLATDAR TRUPTIBEN

રાજ્યના હવામાન વિભાગે સુરત સહિતના જિલ્લાઓમાં રેડ અલર્ટ જાહેર કર્યું છે. ભારે વરસાદની આગાહીને પગલે સુરતમાં રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ - NDRF અને રાજ્ય આપદા પ્રતિભાવ દળ - SDRFની ટુકડી તહેનાત કરવામાં આવી. સાથે જ નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સાવચેત કરાયા છે.

આ અંગે ડિઝાસ્ટર મેનેજમેન્ટના મામલતદાર તૃપ્તિબેને વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું,

બાઈટ - તૃપ્તિબેન (મામલતદાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ સુરત)

સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે એક જાહેરનામું પ્રસિદ્ધ કરી શહેરી વિસ્તારમાં આવેલા 33 જેટલા તળાવ, નહેર તથા દરિયાકિનારા પર લોકોને સ્નાન કરવા કે ભીડ થવા પર 30 ઑગસ્ટ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.

---

-(સુરત માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# KRUSHI NIYAMAK MARGDARSHIKA

કૃષિ નિયામક કચેરીએ ખેડૂતોને ડાંગરના પાક માટેની માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકામાં પાકમાં રોગ અને જીવાતના વ્યવસ્થાપન માટે વાવેતર પહેલા અને વાવેતર સમયે ધ્યાનમાં લેવાના કેટલાક મહત્વના પગલા સૂચવવામાં આવ્યા છે. તેમાં પાકને રોગ અને જીવાતથી બચાવવા ખેડૂતોને પ્રતિકારક શક્તિ ધરાવતી જાતોનું વાવેતર કરવાનો અનુરોધ કરાયો છે. ઉપરાંત ડાંગરની રોપણી જુલાઇ માસના પ્રથમ પખવાડિયામાં કરવાની સલાહ છે.

માર્ગદર્શિકામાં જણાવાયું છે કે જુલાઇના પ્રથમ પખવાડીયામાં ફેરરોપણી કરવાથી ડાંગરના પાકમાં વિવિધ પ્રકારની ઇયળોના ઉપદ્રવને ઘટાડી શકાય છે. ઉપરાંત પાકમાં ઇયળ થતા ખાતરને રેતી સાથે મિશ્રણ બનાવી પાકમાં નાખવાની સલાહ આપવામાં આવી છે.

---------------------------------------------------------------------

- INFO, SUNITA, SONAL

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# CHANDIPURAM DISEASE

રાજ્યમાં ચાંદીપુરમ વાઇરસના વધતા કેસોને પગલે રાજ્ય સરકારે ત્વરિત કાર્યવાહી શરૂ કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે એક નિવેદનમા જણાવ્યું કે ચાંદીપુરમ વાઇરસ એટલે કે એન્કેફેલાઇટીસ રોગના કેસો ઝડપથી વધી રહ્યા છે. ચાંદીપુરમના 6 શંકાસ્પદ દર્દીઓના મોત થયા હોવાનું આરોગ્યમંત્રીએ જણાવ્યું.

રાજ્યના આરોગ્ય વિભાગે આગોતરા પગલાના ભાગ રૂપે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન તપાસ શરૂ કરી છે. અત્યાર સુધીમાં કુલ 4 હજાર 487 ઘરોમાં 18 હજાર 646 લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી છે. જ્યારે 2 હજારથી વધુ ઘરોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરાયો છે.

અરવલ્લી જિલ્લામાં આ શંકાસ્પદ વાઇરસને કારણે વધુ બે બાળકોના મોત થયાની આશંકા છે. જ્યારે એક બાળક સારવાર હેઠળ છે. અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અઁકિત ચૌહાણ જણાવે છે કે મોટાભાગના કેસ સરહદીય ગામોમાં નોંધાઈ રહ્યા છે. મેઘરજ અને ભિલોડા તાલુકાના અંદાજે ત્રીસથી વધારે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય તપાસ હાથ ધરાઈ છે. ઉલ્લેખનીય છે કે દેશમાં 1965માં ચાંદીપુરમ વાઇરસનો સૌ પ્રથમ કેસ નોંધાયો હતો. સમયાંતરે ગુજરાતમાં તેના કેસ નોંધાતા રહ્યા છે.

-------------------------------------------------------------------

-રીપીટ

# PORBANDAR GI TAG

પોરબંદર જિલ્લાના હાથવણાટના કારીગરે ધાબળાને જીઆઈ ટેગ મળે તે માટે ગાંધીનગરમાં પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ગાંધીનગર ખાતે ગઈકાલે ઉદ્યોગ વિભાગનાં મુખ્ય અધિકારી હેતલ પટેલ અને નાબાર્ડના ડીજીએમ ગૌતમ બર્મા સહિતના EDIIની સમિતિના સભ્યોની જીઆઈ ટેગ પ્રોડક્ટ અંગે મહત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં પોરબંદરના હાથવણાટના કારીગરે જિલ્લામાં બનતા ધાબળા અંગેની વિસ્તૃત માહિતી આપી ધાબળાને જીઆઈ ટેગ મળે તે અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ કમિટીએ ધાબળાને જીઆઈ ટેગ મળે તે દિશામાં કાર્યવાહી કરી હતી.

---

- PTC – PORBANDAR – PRAVESH. -(NAVIN)

# CHHATRALAY ONLINE ADMISSION

રાજ્યનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી ભાનુબેન બાબરિયાએ ગઈકાલે સામાજિક માધ્યમથી છાત્રાલયોમાં પ્રવેશ માટેનું ઑનલાઈન મેરિટ પ્રસિદ્ધ કર્યું હતું.

રાજ્યમાં પ્રથમવાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક-શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે શ્રીમતી બાબરિયાએ રાજ્યકક્ષા મંત્રીશ્રી ભીખુભાઈ પરમારની ઉપસ્થિતિમાં સામાજિક માધ્યમ દ્વારા લાઈવ ઑનલાઈન મેરિટ પ્રસિદ્ધ કરી 158 સરકારી અને સમરસ છાત્રાલયોમાં 19 હજાર 744 વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યો હતો. આમાંથી અમદાવાદ ખાતેના સમરસ છાત્રાલયમાં 1 હજાર 820 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

---

-(માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# GANDHINAGAR Diarrhea

ગાંધીનગર ખાતે કલેક્ટર મેહુલ દવે અને જિલ્લા વિકાસ અધિકારી સંજય મોદીની અધ્યક્ષતામાં "સ્ટોપ ડાયેરિયા કેમ્પેઈન 2024" અંગેની બેઠક યોજાઈ ગઈ. આ બેઠક અંતર્ગત આગામી 31 ઑગસ્ટ સુધી ચાલનારા "સ્ટોપ ડાયેરિયા કેમ્પેઈન 2024" અંતર્ગત આઠ અઠવાડિયામાં કરવામાં આવનારી કામગીરી અંગે માહિતી આપવામાં આવી હતી. તેમ જ અન્ય વિભાગના અધિકારીઓ તથા પ્રતિનિધિઓને આ અભિયાન અંગે તેમની જવાબદારી પણ સમજાવવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી સંજય મોદીએ જણાવ્યું કે, 'સૌએ સાથે મળીને આ અભિયાનને સફળ બનાવવાનું છે. અને સમગ્ર ગાંધીનગરમાં ડાયેરિયાને કારણે એક પણ મૃત્યુ ન થાય તે પ્રકારની કામગીરી સૌએ કરવાની છે.'

આ ઝૂંબેશનો મૂળ હેતુ ડાયેરિયાના કારણો અને તેની સાથે સંકળાયેલા રોગોને દૂર કરી ચોમાસા દરમિયાન નાગરિકોને નિરોગી રાખવાનો છે.

---

-**(HINDUSTHAN SAMACHAR - PRAVESH.)**

-(NAVIN)

# BHARUCH TRAIN – GANJA

પુરીથી અમદાવાદ આવતી ટ્રેનમાં રેલવે SOG દ્વારા અંકલેશ્વર-ભરૂચ વચ્ચે ટ્રેનમાંથી બિનવારસી 12 કિલો માદક પદાર્થ ઝડપી પાડવામાં આવ્યો છે. રેલવે SOG સ્ટાફ દ્વારા તપાસ કરાતાં જનરલ કોચમાંથી બિનવારસી બેગમાંથી અંદાજિત 1 લાખ 21 હજાર રૂપિયાની કિંમતનો માદક પદાર્થનો જથ્થો જપ્ત થયો. આ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

----------------------------------------------------------------------

- PTC-BHARUCH-WAHID MASHHADI, SANSKRUTI, SONAL

# Chota Udepur treatment

છોટાઉદેપુર જિલ્લાના પુનિયાવાંટ સ્થિત એક શાળાના બાળકો મોટી સંખ્યામાં બિમાર થતા આરોગ્ય વિભાગ દ્વારા તમામની તપાસ હાથ ધરાઈ સારવાર અપાઈ હતી.

છોટાઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, બે દિવસોમાં સારવાર હેઠળના 116માંથી 105 બાળકો સ્વસ્થ થતાં ડિસ્ચાર્જ કરાયા છે. હાલ 11 બાળકો સારવાર હેઠળ છે.

---------------------------------------------------------------------

-પીટીસી, છોટા ઉદેપુર, નિકીતા-(NAVIN)

# Dengue prevention

રાજકોટ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ડેન્ગ્યુ અટકાયત માટે અસરકારક કામગીરી કરાઈ રહી છે.

આરોગ્ય કર્મચારીઓ દ્વારા વિવિધ ગામોમાં સર્વેલન્સ કરવા ઉપરાંત જનજાગૃતિ કેળવવામાં આવી રહી છે અને લોકોને મચ્છરજન્ય રોગો અને તાવ તથા તેનાથી બચવાના ઉપાયો વિશે સમજણ આપવામાં આવી રહી છે.

---

-રાજકોટ, નિકીતા -(NAVIN)